ડીપફેક મુદ્દે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પગલાં નહીં ભરે તો કાર્યવાહી થશે

ડીપફેક જેવી સમસ્યાનો સામનો કરવા પોલીસ અધિકારીઓએ ટેક્નોલોજીના ક્ષેત્રમાં અપગ્રેડ થતા રહેવું જોઈએ : રાષ્ટ્રપતિ

અમદાવાદ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડીપફેક વીડિયોને ગંભીર મુદ્દો ગણાવ્યા પછી કેન્દ્ર સરકાર સક્રિય બની છે. ડીપફેક મુદ્દે સરકાર ટૂંક સમયમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે બેઠક કરશે તેમ જણાવતા કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ચેતવણી આપી છે કે, ડીપફેક વીડિયો દૂર કરવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર્યાપ્ત પગલાં નહીં લે તો તેમને ઈમ્યુનિટીનો લાભ નહીં મળે અને તેમની સામે પણ કાર્યવાહી થશે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, સરકારે તાજેતરમાં જ ડીપફેક વીડિયો મુદ્દે કંપનીઓને નોટિસ પાઠવી હતી અને પ્લેટફોર્મ્સે જવાબ પણ આપ્યો હતો. જોકે, કંપનીઓએ આવા કન્ટેન્ટ પર વધુ આક્રમક રીતે અને ઝડપી કાર્યવાહી કરવાની જરૂર છે. તેઓ પગલાં લઈ રહ્યા છે, પરંતુ અમારું માનવું છે કે તેમણે વધુ પગલાં લેવા જોઈએ. અને અમે આગામી ૩-૪ દિવસમાં બધા જ પ્લેટફોર્મ્સ સાથે બેઠક કરીશું. અમે તેમને બોલાવીશું અને ખાતરી કરીશું કે તેમના પ્લેટફોર્મ પર ડીપફેક્સને રોકવા માટે પર્યાપ્ત પ્રયત્નો કરવામાં આવે અને તેમની સિસ્ટમને ક્લિન કરવામાં આવે. મેટા અને ગૂગલ જેવા મોટા પ્લેટફોર્મને પણ બેઠકમાં બોલાવાશે તેમ વૈષ્ણવે જણાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ડીપફેક અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર્યાપ્ત પગલાં નહીં લે તો આઈટી એક્ટ હેઠળ તેમને હાલમાં મળી રહેલી સલામતીની મુક્તિ અપાશે નહીં. મોટાભાગના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સલામતીની સુવિધા મેળવી રહ્યા છે. પરંતુ તેમના પ્લેટફોર્મ પરથી ડીપફેક વીડિયોને દૂર કરવા માટે તેઓ

યોગ્ય પગલાં નહીં લેતો આ સુવિધા તેમને અપાશે નહીં. તાજેતરમાં રશ્મિકા મંદાનાથી લઈને કાજોલ સુધીની અભિનેત્રીઓ ડીપફેક વીડિયોનો ભોગ બનતા તેમણે ટેક્નોલોજીના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ પણ શુક્રવારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી બનાવવામાં આવતા ડીપફેક કન્ટેન્ટ દેશમાં મોટી ફ્રોડકી સર્જી શકે છે અને સમાજમાં અશાંતિ ઊભી કરી શકે છે તેવી આશંકા વ્યક્ત કરી હતી. દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ ડીપફેકની સમસ્યા અને ગુનેગારો દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ કરીને બનાવાતા કન્ટેન્ટ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે પોલીસ અધિકારીઓને ટેક્નોલોજીના ક્ષેત્રમાં હંમેશા તેમની જાતને અપગ્રેડ કરવા માટે જણાવ્યું હતું. વર્ષ ૨૦૨૨ બેચના ભારતીય પોલીસ સર્વિસના સંભવિતોને સંબોધન કરતાં રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું હતું કે, પોલીસે સાયબર ગુના, ડ્રગ કાર્ટેલ્સ, ડાર્બેરી ઉગ્રવાદ અને આતંકવાદ જેવા અનેક પડકારોનો સામનો કરવાનો હોય છે. તેમણે ઉમેર્યું હતું કે, નવી ટેક્નોલોજી અને સોશિયલ મીડિયાના પ્રભાવના કારણે પરિસ્થિતિઓ ઝડપથી બદલાઈ રહી છે. ગુનેગારો દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ અને ડીપફેક જેવી સમસ્યા ભવિષ્યમાં વધી શકે છે. આથી પોલીસ અધિકારીઓએ હંમેશા ગુનેગારો કરતાં આગળ રહેવા ટેક્નોલોજીના ક્ષેત્રમાં તેમની જાતને અપગ્રેડ કરતા રહેવી જોઈએ. આર્થિક અને સામાજિક વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની મજબૂતી આવશ્યક જરૂરિયાત છે તેમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું હતું.

સ્વચ્છતા એ જ સેવાઃ રાજકોટના પારડી ગામમાં ભીતચિત્રોથી જનજાગૃતિનો પ્રયાસ

અમદાવાદ,

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલા "સ્વચ્છતા એ જ સેવા" અભિયાન અંતર્ગત મહાનગરોથી લઈને ગામડામાં સઘન સ્વચ્છતા કામગીરી શરૂ થઈ છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લાના પારડી ગામમાં સઘન સ્વચ્છતા બાદ લોકોમાં સ્વચ્છતાની કાયમી આદત કેળવવા ભીતચિત્રોથી સંદેશો અપાઈ રહ્યો છે.

રાજકોટ જિલ્લાના પારડી ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામની શાળા, પંચાયત સંકુલ, જાહેર માર્ગો, ઘર-ઈમારતોથી લઈને ચોમેર સઘન સફાઈ કરાઈ હતી. આ અંતર્ગત ગામમાં જૂના ઉકરડા તથા ગાર્બેજ પોઈન્ટ પર દૂર કરાયા હતા.

કોમ્પ્ટનના નવા ડેકો બેટ્રેન લાઈટીંગ સોલ્યુશન્સ સાથે તમારી લિવીંગ સ્પેસને ઉન્નત બનાવો



અમદાવાદ, વૈવિધ્યકૃત લાઈટીંગ અનુભવના ૦૦થી વધુ વર્ષની નીપુણતા પરાવતા, ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડ તેની નવીન શોધ –'ડેકો બેટ્રેન' લાઈટ્સને રજૂ કરતા ખુશી અનુભવી રહી છે. પોતાની ગુણવત્તા અને વિશ્વાસની પ્રતિબદ્ધતા માટે જાણીતી, નવી ક્રોમ્પ્ટન ડેકો બેટ્રેન લાઈટ્સ તમારી લિવીંગ સ્પેસને સ્ટાઈલ, ડિઝાઈન અને ચડીયાતી ફંકશનાલિટીના મિશ્રણ સાથે પ્રસ્થાપિત કરવા સજ્જ છે જે 'ફેન્સી' લાઈટીંગ આપે છે અને તમારા ડેકોરમાં વધારો કરતા વાતાવરણનું સર્જન કરે છે. ઈન્ટેરિયર ડેકોલર, ઉપભોક્તા પસંદગીઓની સતત બદલાતી પરિસ્થિતિઓમાં ઉપભોક્તાઓની પસંદગીઓ વિકસી છે અને તેઓ ફક્ત પ્રાથમિક લાઈટીંગ ઉકેલો સિવાય વધુ મેળવવાની ઝંખના રાખે છે. તેનું કારણ એ છે તે લાઈટીંગ ફિક્ષ્ચર્સની માંગમાં વધારો થઈ રહ્યો છે જે પ્રકાશ જ નહી પરંતુ આસપાસના વાતાવરણ અને લિવીંગ સ્પેસની કલાત્મકતામાં વધારો કરે છે. વધુમાં ઉપભોક્તાઓ લિવીંગ રુમમાં તેમના નવીનીકરણના ખર્ચના નોંધપાત્ર હિસ્સાનું રોકાણ કરે છે – જે એક એવી જગ્યા છે જ્યાં તેઓ મોટા ભાગનો સમય વિતાવે છે અને મહેમાનોને આવકારે છે. આજે, તેઓ એવી લાઈટીંગ સાથે લિવીંગ સ્પેસને પ્રસ્થાપિત કરવા માંગે છે જે આરામ અને આનંદપૂર્ણ ઉષ્મા પૂરી પાડતી હોય. તેમની જરૂરિયાતને ઊંડાણથી સમજવા સાથે ક્રોમ્પ્ટનની નવી 'ડેકો બેટ્રેન રેન્જ હવે ઉપલબ્ધ છે જે ફક્ત તેમની લિવીંગ સ્પેસને ઉજળી બનાવે છે એટલુ જ નહી પરંતુ ડેકોરમાં વધારો કરે છે અને હોમ લાઈટીંગમાં ક્રાંતિ લાવે છે. (૨૨-૧)

ઈમરાને મારું લગ્નજીવન બરબાદ કરી નાખ્યુઃ માણેકા

ઈસ્લામાબાદ,

ઈમરાન ખાનની પત્ની બુશરા બીબીના પૂર્વ પતિ ખાવર ફરીદ માણેકએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ખરેખર, ખાવર ફરીદ માણેકએ ઈમરાન ખાન પર ગંભીર આરોપ લગાવ્યા છે અને પીટીઆઈ ચીફ પર તેમનું લગ્ન જીવન બરબાદ કરવાનો આરોપ લગાવ્યો છે. મેનકાએ એમ પણ કહ્યું હતું કે બુશરા બીબી સાથે લગ્ન કરવા માટે ઈમરાન ખાને છૂટાછેડાની પ્રક્રિયા ઝડપી બનાવી હતી. મેનકાએ એક પાકિસ્તાની મીડિયા ચેનલ સાથેની વાતચીતમાં જણાવ્યું કે ' ધિંકી ' (બુશરા બીબી) છૂટાછેડાના છ મહિના પહેલા જે પોતાનું ઘર છોડીને પિતાના ઘરે રહેવા લાગી હતી. મેનકાએ કહ્યું, ' અમારા લગ્ન ૨૮ વર્ષ સુધી ચાલ્યા. અમારું લગ્નજીવન ખૂબ જ સુખી હતું પણ ઈમરાને પીયરની આડમાં મારું લગ્નજીવન બરબાદ કરી દીધું. મેનકાએકહ્યું કે ઈમરાનમારી પરવાનગી વગર પણ મારા ઘરે આવતો હતો. ઈમરાન તેના ઘરે આવવા અને તેની પત્નીને મળવાથી તે ખુશ નહોતો. એક ઘટનાને યાદ કરતાં મેનકાએ કહ્યું કે એકવાર તેણે ઈમરાન ખાનને તેના ઘરની નોકરની મદદથી ઘરની બહાર ફેંકી દીધો હતો

મેનકાનો આરોપ છે કે બુશરા બીબીથી છૂટાછેડાના દોઢ મહિનામાં જ ઈમરાને બુશરા બીબી સાથે લગ્ન કર્યા હતા. મેનકાએ દાવો કર્યો કે જ્યારે બુશરાએ ઈમરાન સાથે લગ્ન કર્યા ત્યારે બુશરાતેના ઈદ્દતના સમયગાળામાંથી પસાર થઈ રહી હતી. તમને જણાવી દઈએ કે પતિના મૃત્યુ પછી અથવા છૂટાછેડા પછી, સ્ત્રી થોડો સમય એકાંતમાં રહે છે , જેને ઈદ્દતનો સમયગાળો કહેવામાં આવે છે. મેનકાએ જણાવ્યું કે તેણે નવેમ્બર ૨૦૧૭ માં બુશરા સાથે છૂટાછેડા લીધા હતા અને ઈમરાન ખાને જાન્યુઆરી ૨૦૧૮ માંબુશરાસાથેલગ્નકર્યાહતા. જો કે, તેને લોકોની નજરથી છુપાવવા માટે, લગ્નના ફોટા ફેબ્રુઆરી ૨૦૧૮ માં રિલીઝ કરવામાં આવ્યા હતા . મેનકાએ કહ્યું કે, ઈસ્લામાબાદમાં પીટીઆઈનો વિરોધ ચાલી રહ્યો હતો. તે દરમિયાન બુશરા બીબીની બહેને બુશરા અને ઈમરાન ખાનને મળવાની વ્યવસ્થા કરી હતી. પહેલી મુલાકાત પછી બંને અવારનવાર મળવા લાગ્યા. તેણે કહ્યું કે તેની માતાએ તેને ચેતવણી આપી હતી કે ' ઈમરાન ખાન સારો માણસ નથી, તેને ઘરની અંદર ન જવા દો. મેનકાએએ પણ જણાવ્યું કે તેની પૂર્વ પત્ની બુશરા આખી રાત ઈમરાન સાથે ફોન પર વાત કરતી હતી. મેનકાએ બુશરાના મિત્ર ફરહત શહેઝાદી પર તેના છૂટાછેડા લેવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે તે ફરહતે જ તેના પર છૂટાછેડા માટે દબાણ કર્યું હતું અનેતે ફરહત શહેઝાદી હતી જેણે તેના છૂટાછેડાના કાગળો પણ બુશરા બીબીને મોકલ્યા હતા.

'સ્ટીલ આઈ બ્રેધ ઈન માય ફોટોગ્રાફસ' બુક લોન્ચ અને ફોટોગ્રાફી એક્ઝિબિશનનો આરંભ

અમદાવાદ, આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતામ એવા શ્રી ધૈર્યકાન્ત ચૌહાણ (તિતિ)ના 'સ્ટીલ આઈ બ્રેધ ઈન માય ફોટોગ્રાફસ' બુક લોન્ચ અને ફોટોગ્રાફી એક્ઝિબિશનનો આરંભ આવતીકાલ તા. ૨૫ નવેમ્બર ૨૦૨૩નાં રોજ સત્ય આર્ટ ગેલેરી, નવજીવન પ્રેસ ખાતે થઈ રહ્યો છે. આ પુસ્તકનાં લોકાર્પણ અને ફોટોગ્રાફી એક્ઝિબિશન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી રાજેન્દ્ર શુક્લ અને શ્રી વિવેક દેસાઈ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ સાંજે ૫-૦૦ કલાકે યોજાશે. સ્ટીલ આઈ બ્રેધ ઈન માય ફોટોગ્રાફસ ફોટોગ્રાફી એક્ઝિબિશન સત્ય આર્ટ ગેલેરીમાં તા. ૩ ડિસેમ્બર ૨૦૨૩ સુધી બપોરે ૧૨થી રાત્રિનાં ૯-૦૦ કલાક સુધી ખુલ્લુ રહેશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતનામ એવા શ્રી ધૈર્યકાન્ત ચૌહાણ (તિતિ)ના હુલામણા નામે ઓળખાતા તિતિભાઈએ સુપ્રસિદ્ધ કલાકાર તરીકે, એક ઉર્જસ્વી છબી-કથનકાર લેખે કેટલીક વિવિધ સ્તરે અને નોંધપાત્ર ઝલકો એમની તસવીરોમાં કંડારી છે. સ્વાભાવે મિતભાષી એવા તિતિભાઈએ કેમેરાના લેન્સની પાછળ પુષ્કળ સમય આપીને ભારતની વિચરતી જાતિઓ, જનજાતિઓ, તેમની સંસ્કૃતિ અને પરંપરાઓના પડદા પર દંશ્યમાન થતી તેમનાં લોકજીવનની દુર્લભ અતિ સુંદર ક્ષણોનેપોતાના કેમેરામાં કંડારી. એમણે માત્ર ભારતમાં જ નહી, પણ સાઉથ ઈસ્ટ એશિયા, મધ્ય એશિયા અને આફ્રિકાના દેશોમાં ફરીને ત્યાંની લુપ્ત થતી જાતિઓ અને જનજાતિઓને પોતાના કેમેરમાં કંડારી છે. (૨૨-૧)

સંજીવની પેરેન્ટેરલ લિમિટેડ અને હિંદુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડએ આઈવી ફોર્મ્યુલેશન્સ અને સેટના ઉત્પાદન માટે જોડાણ કર્યું

અમદાવાદ, ઉચ્ચ-ગુણવત્તાયુક્ત પેરેન્ટેરલ અને ઓરલ સોલિડ ઉત્પાદનો અને ઉત્પાદન અને વિતરણમાં વિશેષતા ધરાવતી અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની સંજીવની પેરેન્ટેરલ લિમિટેડ (મ્ઝઈ: ૫૩૧૫૯૯)એ આઈવી ફોર્મ્યુલેશન્સ અને આઈવી સેટ્સના ઉત્પાદન માટે હિંદુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડ સાથે મહત્વપૂર્ણ સમજૂતી કરી છે. આ સમજૂતીને હિંદુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડ પાસેથી ખરીદીની પ્રતિબદ્ધતાની પુષ્ટિ મળી છે. આ સમજૂતી અંતર્ગત મહારાષ્ટ્રના પૂણેમાં પિમ્પરી ખાતે હિંદુસ્તાન એન્ટિબાયોટિક્સ લિમિટેડનાં સંકુલોની અંદર અદ્યતન ઉત્પાદન સુવિધા સ્થાપિત થશે. સંજીવની પેરેન્ટેરલ ટૂંક સમયમાં સુવિધાઓ અદ્યતન કરવાની પ્રક્રિયા શરૂ કરશે અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા ત્રિમાસિક ગાળાની શરૂઆતથી ઉત્પાદન શરૂ થવાની શક્યતા છે. પ્લાન્ટની ક્ષમતા દર મહિને ૫૦ લાખ આઈવી ફ્લ્ડ્રસ બોટલ અને ૧૦ લાખ આઈવી સેટ હશે. આ વ્યૂહાત્મક પગલું બંને કંપનીઓની આઈવી ફોર્મ્યુલેશન્સ અને આઈવી સેટની માગ પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. પ્રોજેક્ટ માટે કુલ રૂ. ૫૦ કરોડનું રોકાણ થશે.

કોંગ્રેસે રાજસ્થાનને ભ્રષ્ટાચાર અને હિંસામાં નંબર વન રાજ્ય બનાવ્યું : મોદી

અમદાવાદ, ચૂંટણી રાજ્ય રાજસ્થાનનાં ભરતપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રચાર રેલીને સંબોધી હતી. જે દરમિયાન તેમણે રાજ્યની કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસે ભ્રષ્ટાચાર અને હિંસામાં રાજસ્થાનને ટોચના સ્થાને પહોંચાડી દીધુ છે. તુષ્ટીકરણની નીતિ અપનાવી અસામાજિક તત્વોને ખુલ્લી છૂટ આપી રાજ્યને ક્રાઈમ અને હિંસાની બાબતમાં ટોચના સ્થાને પહોંચાડી દીધુ હોવાનો આરોપ કોંગ્રેસ પર લગાવ્યો હતો. મુખ્યમંત્રી અશોક ગેહલોત પર ટોણો મારતા મોદીએ કહ્યું હતું કે રાજસ્થાનની જનતાએ નક્કી કર્યું છે કે જાદુગર (ગેહલોત)ને મત નહી આપી કોંગ્રેસને રાજ્યમાંથી છૂમંતર કરી દેવામાં આવશે. અશોક ગેહલોતના પિતા જાદૂગર હતા, તેમની સાથે ગેહલોત પણ દેશમાં જાદૂગર તરીકે કામ કરતા હતા. ગેહલોતના ભૂતકાળને ટાંકીને મોદીએ આ ટોણો માર્યો હતો. રાજસ્થાનમાં ૨૫મી તારીખે મતદાન થવાનું છે જ્યારે ત્રણ ડિસેમ્બરના રોજ પરીણામો જાહેર કરાશે. એવામાં ચૂંટણી પ્રચાર ઉગ્ર બની રહ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપના પ્રચારની કમાન સંભાળી છે. તેમણે રેલીને સંબોધતા વધુમાં કહ્યું હતું કે એક તરફ ભારત વિશ્વમાં અગ્રેસર બની રહ્યું છે. જ્યારે બીજી તરફ કોંગ્રેસના પાંચ વર્ષના શાસનમાં રાજસ્થાનની શું સ્થિતિ થઈ છે તે સૌ કોઈ જાણે છે. કોંગ્રેસે રાજસ્થાનને હિંસા, ક્રાઈમ અને ભ્રષ્ટાચારમાં નંબર વન રાજ્ય બનાવી દીધુ છે. અને તેથી જ રાજસ્થાન કહી રહ્યું છે કે જાદૂગરજી (ગેહલોત) તમે હવે કોઈ જ મત નહી મેળવી શકો. મોદીએ આરોપ લગાવ્યો હતો કે જ્યારે પણ કોંગ્રેસ સત્તામાં આવે છે ત્યારે આતંકીઓ, ક્રિમિનલ, હિંસાખોરોને ખુલ્લી છૂટ આપવામાં આવે છે. તુષ્ટીકરણ માટે કોંગ્રેસ કોઈ પણ હદે જઈ શકે છે. રાજસ્થાનમાં હોળી, રામ નવમી, હનુમાન જયંતી વગેરેની લોકો શાંતિથી ઉજવણી ના કરી શકવા, હિંસા, પથ્થરમારો, કરફ્યૂ થયાવત રહ્યા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા વહીવટી તંત્ર માટે જનસેવાનો અવસર લઈ આવી છે

વડોદરા, લાભ પાંચમના શુભ દિને મળેલી જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટર શ્રી અતુલ ગોરે તમામ અધિકારીઓને વડોદરાના વિકાસને નવી ઉંચાઇ ઉપર લઇ જવા માટે આહ્વાન કર્યું હતું. સાથે તેમણે રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાનો લાભ પાત્રતા પરાવતા તમામ લાભાર્થીઓ સુધી પહોંચાડવા માટે પ્રેરક સૂચન કર્યું હતું. આજની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠકમાં જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સરકારની વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો વિષય કેન્દ્ર સ્થાને રહ્યો હતો. કલેક્ટર શ્રી અતુલ ગોરે જનપ્રતિનિધિઓને આ યાત્રામાં સામાજિક કાર્યકરોને વ્યાપક સ્તરે સાંકળવા માટે અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા જનસેવા કરવાની તક લાવી છે. જે ગામમાં યાત્રા પહોંચશે ત્યાં પાત્રતા પરાવતા તમામ લાભાર્થીઓને કેન્દ્ર સરકારની ૧૭ જેટલી યોજનાઓનો લાભ આપવામાં આવશે અને સાથે વિવિધ યોજનાઓની માહિતી પણ આપવામાં આવશે. આ યાત્રા થકી યોજનાઓને સેચ્યુરેશન પોઈન્ટ સુધી લઈ જવામાં આવશે.

આરોગ્ય સેવાઓમાં અગ્રેસર બનતું ગુજરાત : સરકારી હોસ્પિટલમાં ઉપલબ્ધ થતી ઉત્તમ સારવાર

આણંદ જિલ્લાના સારસા સામૂહિક આરોગ્ય કેન્દ્રની નોંધપાત્ર કામગીરી

વડોદરા,

તંદુરસ્ત સમાજ, તંદુરસ્ત રાજ્યના નિર્માણ માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં આરોગ્ય સેવાઓનું સુદ્રઢીકરણ થયું છે. જનજનને આરોગ્ય સુવિધાઓ સરળતાથી અને સુગમતાથી મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગના વડપણ હેઠળ રાજ્યમાં કાર્યરત પ્રાથમિક - સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં પણ નાગરિકોને સર્વશ્રેષ્ઠ સેવાઓ મળી રહી છે, જ્યાં આરોગ્યલક્ષી સેવાઓ સાથે 'સલામત પ્રસુતિ'ના સૂત્રને કેન્દ્રમાં રાખવામાં આવે છે.

પ્રસુતિ દરમિયાન માતા કે નવજાત શિશુનું અકાળે મૃત્યુ ના થાય અથવા તો પ્રસુતિ પીડા વધારે ના વેઠવી પડે તે માટે રાજ્યભરમાં સરકારે સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો વ્યાપ વધાર્યો છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં અદ્યતન સુવિધાવાળી કે મોટી હોસ્પિટલની સગવડ નથી, ત્યાં કાર્યરત સરકારી આરોગ્ય કેન્દ્રો વિનામૂલ્યે શ્રેષ્ઠ સારવાર થકી સરકારની ''સર્વે ભવન્તુ સુખીના, સર્વે સન્તુ નિરામયાઃ'' ની વિભાવનાને સાચા અર્થમાં સાકાર કરી રહ્યા છે.

ગુજરાતના ખૂણે ખૂણે કાર્યરત સામુહિક આરોગ્ય કેન્દ્રોની આવી અનેક સાફલ્યગાથાઓ મળી આવે, પરંતુ આજે વાત કરવી છે આણંદ જિલ્લાના સારસા ગામના સામુહિક આરોગ્ય કેન્દ્રની.

સારસા સી.એચ.સી. ખાતે સુપ્રીટેન્ડન્ટ મેડિકલ ઓફિસર તરીકે

ફરજ બજાવતાં ડૉ. વિન્સેન્ટ ક્રિશ્ચિયન જણાવે છે કે સારસા અને આસપાસના આઠ ગામોમાં વસતા લોકોને સી.એચ.સી. દ્વારા વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

સારસાના આ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં માતા અને બાળ મૃત્યુ દર અટકે અને સલામત પ્રસુતિ થાય તેવા શુભ આશય સાથે એપ્રિલ-૨૦૨૩થી ઓક્ટોબર-૨૦૨૩ દરમિયાન એટલે કે ૭ મહિનામાં તબીબો દ્વારા કુલ ૧૩૭૬ સલામત પ્રસુતિ કરવામાં આવી છે, જેમાંથી ૧૦૩૦ પ્રસુતિ તો એકદમ નોર્મલ થઈ છે. એટલે કે નોર્મલ ડિલિવરીનો રેશિયો ૭૫ ટકાથી પણ વધારે થયો, જે મોટી વાત છે. આ આરોગ્ય કેન્દ્રમાં મહિનાવાર સલામત પ્રસુતિની વાત કરવામાં આવે તો, એપ્રિલમાં ૧૪૪, મે મહિનામાં ૧૬૮, જૂનમાં ૧૭૮, જુલાઈમાં ૧૭૪, ઓગસ્ટમાં ૨૫૬, સપ્ટેમ્બરમાં ૨૧૫, ઓક્ટોબરમાં ૨૪૧ સલામત પ્રસુતિ અહી થઈ છે. જ્યારે નવેમ્બર માસ દરમિયાન અત્યાર સુધીમાં ૯૯ પ્રસુતિ કરવામાં આવી ચૂકી છે તેમ ડોક્ટર વિનસેન્ટે જણાવ્યું છે.

ખાનગી હોસ્પિટલોની અતિ ખર્ચાળ નોર્મલ ડિલિવરીની પ્રક્રિયા વચ્ચે સારસા સી.એચ.સી.ની શ્રેષ્ઠ કામગીરીના સફળ પરિણામો રાજ્યની સુદ્રઢ જાહેર આરોગ્ય સેવાઓની સાક્ષી પૂરે છે. સલામત પ્રસુતિ ક્ષેત્રે સારસા સી.એચ.સી.ના સફળ પરિણામો પાછળ સુપ્રિન્ટેન્ડેન્ટ મેડિકલ ઓફિસર ડૉ. વિન્સન્ટ ક્રિશ્ચિયન, ડૉ. પ્રતિમા કરમાકર, ડૉ. ઉર્જસ્વી સહિત નર્સ તેમજ આરોગ્ય કર્મીઓની મહત્વની ભૂમિકા રહી છે.

ઉલ્લેખનીય છે કે સારસા સી.એચ.સી. દ્વારા એપ્રિલ-૨૦૨૩ થી ઓક્ટોબર-૨૦૨૩ દરમિયાન ઓપીપીમાં કુલ ૩૪,૬૪૩ લોકોને અને ૮,૧૯૧ લોકોને હોસ્પિટલમાં દાખલ કરી સારવાર આપવામાં આવી છે. ગુજરાતની હેલ્થ કેર સિસ્ટમમાં સર્વગ્રાહી અભિગમ અપનાવીને રાજ્યમાં છેલ્લા વર્ષોમાં આરોગ્યક્ષેત્રે અનેકવિધ યોજનાઓ થકી આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવામાં આવ્યો છે. રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી સિવિલ હોસ્પિટલની માળખાકીય સુવિધાઓ અને સેવાઓને ઉત્તરોઉત્તર શ્રેષ્ઠ બનાવવામાં આવી રહી છે. ટેક્નોલોજીના ઉપયોગથી આરોગ્ય સેવાઓને દુર-સુદુર, અંતરિયાળ વિસ્તારોના લોકો સુધી પહોંચાડવાની વ્યવસ્થા સરકારે કરી છે.

સૌરાષ્ટ્રના યાર્ડમાં ડુંગળીની જંગી આવક થતા ભાવમાં કડાકો

અમદાવાદ, સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં ખરીફ ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થતા ભાવમાં કડાકો બોલ્યો છે. રાજકોટ-ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થઈ છે. ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થતા ભાવમાં ઘટાડો થયો છે. છેલ્લા પાંચ દિવસમાં ડુંગળીનાં ભાવમાં પ્રતિ મણે ૧૫૦થી ૩૦૦ રૂપિયા સુધીનો ઘટાડો થયો છે. હાલ સારામાં સારી ડુંગળી એક મણે ૫૦૦ થી ૬૦૦ રૂપિયા ભાવે વેચાઈ રહી છે. હાલ ખરીફ ડુંગળીની મોટા પ્રમાણમાં આવકો થઈ છે. સરેરાશ ડુંગળીના ૪૦૦ રૂપિયાથી ૬૦૦ રૂપિયા ભાવ બોલાઈ રહ્યો છે. રાજકોટ અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મોટા પ્રમાણમાં ડુંગળીની આવકો થઈ છે. છેલ્લા એક-બે મહિના દરમિયાન સમગ્ર દેશમાં ડુંગળીના ભાવમાં ભારે વધારો થયો છે. દેશના ઘણા ભાગોમાં ડુંગળીના છૂટક ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલોની નજીક પહોંચી ગયા છે. ડુંગળીના ભાવમાં આ વધારો એવા સમયે થયો છે જ્યારે સમગ્ર દેશ તહેવારોની ઝિવણીમાં ઝૂબેલો છે. જેના કારણે તહેવારોની સિઝનમાં મોંઘવારી કરી કાબૂ બહાર જવાની સંભાવના વધી ગઈ છે. આ કારણે સરકાર ડુંગળીના ભાવને અંકુશમાં લેવા માટે દરમિયાનગીરી કરી રહી છે. અહેવાલ મુજબ, ગ્રાહક બાબતોના મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે આ સામાજાના અંતર્ગત સફલ મધર ડેરીમાં બફર સ્ટોકમાંથી ડુંગળીનું વેચાણ શરૂ થશે. ભરીફ પાકના આગમનમાં વિલંબ થઈ રહેલ છે.

લોન્ડ્રીની કાળજીનું આગલું સ્તર ધરાવતું LGનું WashTower ભારતમાં લોંન્ચ થઈ ગયું છે



અમદાવાદ ૨૩ નવેમ્બર ૨૦૨૩ - ભારતની અગ્રણી કન્ઝ્યુમર ડ્યુરેબલ બ્રાન્ડ LG ઈલેક્ટ્રોનિક્સ આજે રિજનલ બિઝનેસ હેડ શ્રી નિખિલ સુતરીયા, એલજી બ્રાન્ચ મેનેજર શ્રી સચિન શ્રીવાસ્તવ તેમ જ એલજી બેસ્ટ શોપ આરોન્ટ કોર્પોરેશન શ્યામલા ના માલિક શ્રી ધવલ ચોક્સી ની ઉપસ્થિતિમાં અમદાવાદના LG બ્રાન્ડશોપમાં એલજી વોશ ટાવરને લોન્ચ કરવાની સત્તાવાર જાહેરાત કરી હતી.આ LG વોશ ટાવર આપણા કપડા ધોવાની રીતને ફરીથી વ્યાખ્યાયિત કરવાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે, આ એક ક્રાંતિકારી ડિઝાઈનની પ્રસ્તુતિ છે. જે હાઈવેર અને સોફ્ટવેર બંનેને એક સાથે જોડે છે, જે ભારતીય ઘરો માટે લોન્ડ્રી અનુભવને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું વચન આપે છે. એલજી વોશ ટાવર કોમ્પેકટ સાઈઝ (૬૦૦ મીમી ટ ૧૬૫૫ મીમી ટ ૬૬૦ મીમી) (W x H x D) માં ઉપલબ્ધ, એલજી વોશ ટાવર ઘરની કોઈપણ જગ્યામાં સરળતાથી સમાઈ જતું આ વોશ ટાવર આદર્શ ઉપકરણની પ્રસ્તુતિ માટે પ્રતિબદ્ધ છે. LG WashTower નવીન યુનિબોડી ડિઝાઈન ધરાવે છે જે લોન્ડ્રી ઉપકરણોને ફરીથી વ્યાખ્યાયિત કરે છે, જે અપવાદરૂપ લોન્ડ્રી અનુભવ પૂરો પાડવા માટે અત્યાધુનિક હાઈવેર અને સોફ